એએપીને રાહત : ફોરેન ફંડમાં નિયમોનો કોઈ ભંગ થયો નથી

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્ર સરકારે આજે દિલ્હી હાઈકોર્ટમાં કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીના ફોરેનફંડમાં ઉંડી તપાસ કરવામાં આવી ચુકી છે. કાયદાનો ભંગ થાય તેવી કોઈપણ બાબત સપાટી ઉપર આવી નથી. કાયદાનો કોઇ ભંગ કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે હાઈકોર્ટમાં આ મુજબની રજૂઆત કરતા હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ચીફ જસ્ટિસ જી. રોહિણી, આરએસ એન્ડલોની બનેલી ડિવિઝન બેંચે આ મામલામાં તેના તારણોના સંદર્ભમાં સુધારા કરવા સૂચના આપી હતી. બેંચે જાહેરહિતની અરજી પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. એએપીના વિદેશી ફંડિંગને લઈને ચૂંટણી વેળા ભારે હોબાળો થયો હતો. વિદેશી ફંડમાં સીબીઆઈ તપાસની માંગ પણ કરવામાં આવી હતી. છેલ્લા થોડાક દિવસોમાં એએપીને મળેલા ફંડ અંગે આ મુજબની વાત કરાઈ હતી. એડવોકેટ એમએલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા જેમાં એએપીના વડા અને હાલના દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને અન્યો સામે આક્ષેપ કરાયા હતા અને જણાવવામાં આવ્યું હતું કે, એએપીને ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટના ભંગમાં વિદેશી ફંડની રકમ મળી છે. કેન્દ્ર તરફથી ઉપસ્થિત રહેલા વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, આ મામલામાં તપાસ થઇ ચુકી છે. સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવામાં આવી

ચુકયો છે. એએપી સામે કોઈપણ ખોટી બાબત જાણવા મળી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ મામલામાં તપાસ કરવામાં આવી ચુકી છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં એએપીમાંથી અલગ થનાર એક સંગઠન એવીએએમ દ્વારા આક્ષેપ કરાયો હતો કે, દિલ્હી ઝુંપડપટ્ટીમાં નોંધાયેલી કંપનીઓ પાસેથી ચાર એક સમાન ઈન્સ્ટોલમેન્ટમાં પાર્ટીને બે કરોડ રૂપિયા મળ્યા છે. ગ્રુપે દાવો કર્યો હતો કે, પાંચમી એપ્રિલ ૨૦૧૪ના દિવસે ચાર બોગસ કંપનીઓએ અડધી રાત્રે એએપીને ચેક મારફતે ૫૦-૫૦ લાખ રૂપિયાનું દાન કર્યું હતું. બે વર્ષ સુધી મેળવવામાં આવેલા નફા બદલ આ દાન અપાયું હતું. દુબઈ અને અન્ય દેશોમાંથી ફોન કોલ પણ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને એએપીને ચૂંટણીમાં ટેકો આપવા માટે મુસ્લિમ સમુદાયને ફોન કરાયા હતા. દરમિયાન એએપી તરફથી ઉપસ્થિત રહેલા એડવોકેટ પ્રણવ સચદેવે કોર્ટમાં કહ્યું હતું કે, એવીએએમના મુદ્દામાં સરકાર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ મુદ્દે સહકાર પણ આપવામાં આવી રહ્યો છે. એએપી એકમાત્ર એવી પાર્ટી છે જે પાર્ટીએ પહેલાથી જ તમામ રાષ્ટ્રીય અને રાજકીય પક્ષોને મળેલા ફંડ અંગે સીટની રચના કરવા સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું. બેંચે તમામ પક્ષોની સુનાવણી ચલાવ્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો. અરજીમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નામનો પણ ઉલ્લેખ કરાયો હતો.

મોદી, કેજરીવાલ, રાજનાથ, બેદી એક જ મંચ પર દેખાયા

નવીદિલ્હી,તા. ૧૮

એક અસામાન્ય ઘટનાક્રમના ભાગરુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એક જ કાર્યક્રમમાં ઉપસ્થિત દેખાયા હતા અને એકબીજા સાથે વાતચીત કરતા પણ

નજરે પડ્યા હતા. શહેરના પોલીસ કમિશનર બીએસ બસ્સી દ્વારા આયોજિત રિસેપ્શનમાં આ બંને ઉપસ્થિત રહ્યા હતા. હાઈ પ્રોફાઈલ મહેમાનોમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન રાજનાથસિંહ, લેફટી ગવર્નર નજીબજંગ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહ્યા હતા. કેજરીવાલ તેમના પત્નિ સુનિતા અને નાયબ મુખ્યમંત્રી સિસોદિયા સાથે પહોંચ્યા હતા. કેજરીવાલે ત્યારબાદ વડાપ્રધાનની નજીક બેઠા હતા. રાજનાથસિંહે તેમની વચ્ચે ગોઠવાઈ ગયા હતા. પૂર્વ આઈપીએસ ઓફિસર કિરણ બેદી પણ કેજરીવાલની નજીક બેઠેલા નજરે પડ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને મોદીની એક બીજા સાથે વાતચીત તમામ લોકોનું ધ્યાન ખેંચે તેવી રહી હતી. મોદીએ તેમના આરોગ્ય અંગે માહિતી મેળવી હતી. કેજરીવાલની તબિયત અંગે પૂછવામાં આવતા સિસોદિયાએ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી પણ વધુ સમયથી તેઓ બિમાર રહે છે. ત્યારબાદ મોદીએ બેંગ્લોર સ્થિત ડોક્ટર નાગેન્દ્રનું નામ કેજરીવાલને સુચવ્યું હતું અને તેમની તબિયતની કાળજી લેવા કહ્યું હતું. મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન કેજરીવાલ ઉપર આકરા પ્રહારો કર્યા હતા પરંતુ કેજરીવાલે પ્રચારમાં મોદીની ટીકા કરી ન હતી. બસ્સી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં અન્ય લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને માત્ર ત્રણ બેઠક મળી હતી જ્યારે એએપીને ૭૦ પૈકી ૬૭ બેઠકો મળી હતી.

વન રેન્ક વન પેન્શન ટુંકમાં જ વાસ્તવિકતામાં ફેરવાશે

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે ત્યારે હવે વન રેન્ક વન પેન્શનની બાબત હકીકતમાં ફેરવાય તેવી શક્યતા છે. મોદી સરકાર કેન્દ્રિય બજેટમાં આ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ઓઆરઓપીની માંગ કરવામાં આવી રહી છે પરંતુ તેમની માંગ તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. હવે મોદી સરકાર આશરે ૨૫ લાખ પૂર્વ જવાનો પ્રત્યે તેની કટિબદ્ધતાને પૂર્ણ કરીને અંદાજે ૮૦૦૦ કરોડની ફાળવણી કરે તેવી શક્યતા છે. તેના અમલીકરણને લઇને હવે સરકાર તૈયાર દેખાઇ રહી છે. ભુતકાળમાં એકપછી એક સરકાર આવી હતી પરંતુ તેના તરફ વધારે ધ્યાન આપવામાં આવ્યું ન હતુ. તેમની એવી દલીલ હતી કે સંપૂર્ણ પણે વન રેન્ક વન પેન્શન મંજૂર કરવાની બાબત નાણાંકીય રીતે અને વહીવટીરીતે પણ શક્ય નથી. કારણ કે આવી જ માંગ અન્ય બાબતોની સાથે અર્ધલશ્કરી દળ દ્વારા કરવામાં આવી શકે છે. પરંતુ સુત્રોએ કહ્યું છે કે સરકાર હવે ઉદારરીતે આગળ વધવા માટે ઇચ્છુક છે. સરકાર નિર્ણય કરવા જઇ રહી છે કે વહેતી તકે નિવૃત થઇ રહેલા જવાનને અન્ય સરકારી કર્મચારી સાથે સરખાવી શકાય નહી. નાણાં પ્રદાન અરૂણ જેટલી અને સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર આ પગલાને લીલીઝંડી આપી ચુક્યા છે. લશ્કરી પેન્સનને અન્ય રીતે ગણવામાં આવે છે.મોદી સરકાર જવાનોને મોટી રાહત આપવાની તૈયારી કરી રહી છે. બજેટને લઇને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી છે. તમામ તૈયારી કરી લેવામાં આવી છે. જુદા જુદા વર્ગો સાથે જેટલી વાતચીત પણ કરી ચુક્યા છે.

માર્ચના અંત સુધી તમામ લોકોને સમય રહેશે

તો એપ્રિલથી સિલિન્ડર માટે ૯૦૦ રૂપિયા ચુકવવા પડશે

નવી દિલ્હી,તા. ૧૮

પહેલી એપ્રિલથી ગેસ સિલિન્ડર સહેજમાં પણ ઉદાસીનતા રાખવાની

સ્થિતીમાં સામાન્ય લોકોને રૂપિયા ૯૦૦માં ખરીદવાની ફરજ પડશે. કારણ કે માર્ચના અંત સુધીમાં એલપીજી સબસિડીની ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ માટે અરજી કરાશે નહી તો તેના માટે કિંમત ચુકવી પડશે અને ગેસ સિલિન્ડર ઉંચી કિંમતમાં ખરીદવા પડશે. પ્રાપ્ત અહેવાલ મુજબ દેશમાં હજુ પણ લાખો લોકો સબસિડીવાળા સિલિન્ડર માટે પોતાની નોંધણી કરાવી શક્યા નથી. બીપીસીએલના કારોબારી ડિરેક્ટર જ્યોર્જ પોલે કહ્યું છે કે આ સ્કીમની બાબત તરફ ઉદાસીનતા રાખવામાં ન આવે તે જરૂરી છે. કારણ કે આપને દર મહિને એલપીજી પર ૩૦૦-૪૦૦ રૂપિયાની બચત થઇ જશે. તેમણે કહ્યું હતું કે જો ગ્રાહક ૩૧મી માર્ચ સુધી અરજી કરશ નહી તો તેમને ક્યારેય સબસિડી મળશે નહી. તેમણે કહ્યું હતું કે જ્યારે સબસિડી મવી રહી છે ત્યારે એલપીજી સિલિન્ડર માર્કેટ કિંમતે કોણ ખરીદવાની હિંમત કરશે. તેમણે કહ્યું હતું કે જે લોકો માર્ચના અંત સુધીમાં તેમની પ્રક્રિયાને પૂર્ણ કરી શકસે નહી તે લોકોને જુન સુધીની રાહત આપવામાં આવશે. આ રાહત એવા લોકોને મળશે જે લોકો સ્કીમ પ્રત્યે ઇચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. એલપીજી ડીલરો જેમ કે ભારત ગેસ એચપી ગેસ અને ઇન્ડિયન ગેસની પાસે ભારે ભીડ છે. લોકોમાં જાગૃતિ લાવવા માટે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ શિબિરનુ આયોજન પણ કરનાર છે. ભારતભરમાં ૧૦ કરોડ લોકો આ સ્કીમતી જોડાઇ ચુક્યા છે. વડાપ્રધાન મોદી માને છે કે આનાથી બ્લેક માર્કેટિંગ પર રોક મુકી શકાશે.આને ખુબ સારો પ્રતસાગ મળી રહ્યો છે.

મોસ્ટ વોન્ટેડ માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં જ રહે છે

નવી દિલ્હી,તા. ૧૮

વર્ષ ૧૯૯૩ના મુંબઈના સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં મુખ્ય અપરાધી અને માસ્ટર માઈન્ડ અંડરવર્લ્ડ ડોન દાઉ ઈબ્રાહિમ હાલમાં પાકિસ્તાનમાં રહે છે. નવી ઓડિયો ટેપથી આ બાબત સપાટી પર આવી છે. એક ટીવી ટેનલની પાસે રહેલી ટેપમાં ડોન દાઉદનો અવાજ છે. જેમાં તે દુબઈમાં એક પ્રોજેક્ટના સંબંધમાં ઈકબાલ નામની વ્યક્તિ સાથે ફોન પર વાતચીત કરી રહ્યો છે. જેમાં પ્રોજેક્ટના સંબંધમાં નાણાંની લેવડદેવડની પણ વાત થઈ રહી છે. ઈકબાલ દાઉદને એક વ્યક્તિને ત્રણ લાખ દરહામ આપી દેવા માટે કહેતો સંભળાય છે. જેનુ નામ યાસીર તરીકે રજૂ કરવામાં આવ્યું છે. દાઉ ત્યારબાદ એમ કહેતો સંભળાય છે કે યાસીર હાલમાં કરાચીમાં છે અને તે તેને વાત કરશે. આ વાતચીત સાબિત કરે છે કે માફિયા ડોન દાઉદ પાકિસ્તાનમાં છે. જો તે પાકિસ્તાનમાં ન રહ્યો હોત તે એમ શા માટે કહે કે યાસીર પાકિસ્તાનમાં છે. ઓડિયો ટેપમાં રહેલી વાતચીતમાં અન્ય એક વ્યક્તિનુ નામ પણ સપાટી પર આવે છે જેમાં અમૃત સિંહનો સમાવેશ થાય છે. દાઉદ તેના ખાતામાં આ નાણાં મુકી દેવાની વાત કરતો સંભળાય છે. જો કે અમૃતસિંહ કોણ છે તે બાબત સ્પષ્ટ થઈ રહી નથી. દાઉદ પાકિસ્તાનમાં હોવાના અહેવાલને ફરી સમર્થન મળ્યા બાદ હવે ભારત સરકાર પર દબાણ વધી રહ્યું છે.

જુલાઈ ૨૦૧૩માં આઈઈપીએલ સ્પોટ ફિક્સિંગમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.જેમાં દિલ્હી પોલીસે પાકિસ્તાનમાં દાઉદના સરનામાનો ઉલ્લેખ કર્યો હતો. બે સરનામા રજૂ કરવામાં આવ્યા હતા. જેપૈકી એક ઈસ્લામાબાદનુ અને અન્ય એક જુદુ હતુ. ઈસ્લામાબાદામાં તેનુ સરનામુ હાઉસ નંબર ૨૯, સ્ટ્રીટ નંબર ૨૨, પી-૬-૨ મારગલ્લા રોડ હતુ. જ્યારે કરાંચીમાં દાઉદનુંસરનામુ મોઈન પેલેસ, નીયર અબ્દુલ્લા શાહ ગાદી દરગાહ (ક્લિફટોન) છે. ૬-એ ખયાબન તાનઝીન ફેઝ-૫ ડિફેન્સ હાઉસિંગ એરિયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, પાકિસ્તાન દ્વારા દાઉદને બહાર મોકલી દેવામાં આવ્યો છે. પાકિસ્તાન અફઘાન સરહદ પર હોવાના અહેવાલ પણ આવ્યા હતા પરંતુ ઓડિયો ટેપ સપાટી ઉપર આવ્યા બાદ એવું જાણવા મળી રહ્યું છે કે, દાઉદ કરાંચીમાં રહે છે. તે પોતાના અડ્ડાને બદલી શક્યો નથી. રોના પૂર્વ અધિકારી આરએસએન સિંહે કહ્યું છે કે, આમા કોઇ શંકા નથી કે, ઓડિયો ટેપમાં અવાજ દાઉદનો છે. સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર જોગિન્દર શર્માએ પણ કહ્યું છે કે, ઓડિયો ટેપમાં અવાજ દાઉદનો છે. પાકિસ્તાને વર્ષોથી એવા અહેવાલને રદિયો આપ્યો છે કે, દાઉદ પાકિસ્તાનમાં રહે છે.

સરકાર કુલ ૬૬ સ્પોન્શર્ડ સ્કીમો હાલમાં ચલાવે છે

નવીદિલ્હી,તા. ૧૮

સામાન્ય બજેટમાં સરકાર જુદા જુદા ક્ષેત્રોમાં બજેટ અંદાજને ઘટાડવાની યોજના ધરાવે છે જેપૈકી કૃષિ વિભાગના બજેટમાં ૨૫ ટકાથી વધુનો ઘટાડો કરવામાં આવી શકે છે. આવી જ રીતે સરકાર હાલમાં ૬૬થી વધુ સ્પોન્શર્ડ સ્કીમ ચલાવે છે અને ખર્ચ આ યોજનાઓ ઉપર વાર્ષિક ૨.૭ લાખ કરોડની આસપાસનો છે. આ યોજનાઓ પૈકી જે મોટી યોજનાઓ ખુબ જ લોકપ્રિય છે તેમાં મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોઇમેન્ટ ગેરંટી એક્ટ, ઇન્દિરા આવાસ યોજના, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, નેશનલ રૂરલ ડ્રિન્કિંગ વોટર પ્રોગ્રામ, નેશનલ હેલ્થમિશન, ઇન્ટેગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ, બેકવર્ડ રિજિયન ગ્રાન્ટ ફંડ અને રાજીવ ગાંધી પંચાયત યોજનાનો સમાવેશ થાય છે. ઘણા મંત્રાલયોમાં અધિકારીઓ આ ફેરફારને પહોંચી વળવા દિન રાત મહેનત કરી રહ્યા છે.



બેંગલુરૂના યેલંકા એરબેઝ ખાતે યોજાયેલ એશિયન પ્રિમીયર એર શૉ 'એરો ઈન્ડિયા ૨૦૧૫'ના ઉદઘાટન સમારોહમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંરક્ષણ મંત્રી મનોહર પારિકર અને કર્ણાટકના રાજયપાલ વજુભાઈ રૂડાભાઈ વાળા સાથે ફલાઈંગ પાસ્ટનો નયનરમ્ય નજારો માણ્યો હતો.

સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ ઉછળી ૨૯૩૨૦ની ઉંચી સપાટી ઉપર

મુંબઈ,તા. ૧૮

શેરબજારમાં આજે સતત છઠ્ઠા દિવસે તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૮૪ પોઈન્ટ ઉછળીને ૨૯૩૨૦ અને નિફ્ટી ૬૦ પોઈન્ટ ઉછળીને ૮૮૬૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૯ અને એક ટકાનો ઉછળો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૬૩૦ શેરમાં તેજી અને ૧૨૮૭ શેરમાં મંદી રહી હતી. વડાપ્રધાન મોદીએ આજે ભારતીય ઈન્ડસ્ટ્રી અને સશસ્ત્ર દળોને ડિફેન્સ મેન્યુફેક્ચરિંગમાં તેમની કુશળતાને વધારવા અપીલ કરી હતી. સાથે સાથે આયાત ઉપર આધારને ઘટાડવાની પણ વાત કરી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ૧૮૩ કરોડની કિંમતના ભારતીય ઈક્વિટીનું વેચાણ કર્યું છે. આજે ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકી નવમાં સુધારો રહ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં બે ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે બીએસસી પાવર અને કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં ૧.૪ અને ૧.૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. મેટલ ઈન્ડેક્સમાં ૦.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો.

ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં હાલમાં જ તેજી જોવા મળી રહી છે. સતત છ સેશનમાં તેજી જોવા મળતા કારોબારીઓ ખુસ દેખાઈ રહ્યા છે. બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે. બજેટ સત્રની શરૂઆત થાય તે પહેલા તેજીનો માહોલ છે. બજેટ સત્રમાં સરકાર ઘણા સુધારા રજૂ કરનાર છે. નાણા મંત્રી અરુણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરશે. આ પહેલા ૨૭મી ફેબ્રુઆરીએ આર્થિક સર્વે રજૂ કરાશે. જ્યારે ૨૬મી ફેબ્રુઆરીએ રેલવે બજેટ રજૂ કરાશે. તેમના સંબોધન માટે રાષ્ટ્રપતિને આભાર દરખાસ્ત પર ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીએ ચર્ચા થશે. બજેટ સત્ર પહેલા શેરબજારમાં જોરદાર તેજી રહેવાના સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે.

બજેટ સત્ર : રાજકીય પક્ષોના નેતાઓની ૨૨મીએ મિટિંગ

નવીદિલ્હી,તા. ૧૮

લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે રાજકીય પક્ષોના નેતાઓની અતિ મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. બજેટ સત્ર સાનુકુળરીતે ચાલી શકે તે માટે આ બેઠક બોલાવવામાં આવી છે. સરકાર બજેટ સત્ર દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ મુદ્દા ઉપર વિરોધનો સામનો કરી શકે છે. કાયદામાં તાજેતરમાં રજૂ કરવામાં આવેલા વટહુકમને ફેરવી નાંખવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. સંસદીય સૂત્રોનું કહેવું છે કે, મહાજને ૨૨મી ફેબ્રુઆરી ડિનર ઉપર રાજકીય પક્ષોના નેતાઓની બેઠક બોલાવી છે. સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૮મી મેના દિવસે પુર્ણ થશે. આ સત્ર દરમિયાન નરેન્દ્ર મોદી સરકાર તેનું પ્રથમ સંપૂર્ણપણે બજેટ રજૂ કરશે. ગયા વર્ષે મે મહિનામાં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવી હતી. સત્ર દરમિયાન સરકાર છ વટહુકમ ઉપર બિલ રજૂ કરી શકે છે. આ વટહુકમમાં કોલસા, ખાણ, ખનીજ, ઈ-રિક્શા, સિટીઝન એક્ટમાં સુધારા, જમીન અધિગ્રહણ અને વિમા સેક્ટરમાં એફડીઆઈનો સમાવેશ થાય છે. સરકાર વિમા સેક્ટરમાં વટહુકમને કાયદામાં ફેરવી નાંખવા પ્રયાસ કરી શકે છે. પરંતુ આમા દબાણ પણ રહેશે. બજેટ સત્ર દરમિયાન કેટલાક મહત્વપૂર્મ બિલ રજૂ કરવાની ઈચ્છા ધરાવે છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાર થયા બાદ ભાજપ સરકારને વધારે વિરોધનો સામનો કરવો પડી શકે છે. વિરોધ પક્ષો જમીન અધિગ્રહણ વટહુકમ જેવા મુદ્દા ઉપર સરકારને ભીસમાં લેવાના પ્રયાસ કરી શકે છે. ૧૬મી લોકસભાનું ચોથુ સત્ર સોમવારથી શરૂ થશે તે વખતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સેન્ટ્રલ હોલમાં સવારે ૧૧ વાગે એક સાથે સંસદના બંને ગૃહોને સંબોધન કરશે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિએ બજેટ સત્રના કાર્યક્રમ અંગે રાષ્ટ્રપતિને જાણ કરી હતી. સંસદમાં શનિવારના દિવસે પણ ખાસ બેઠક થશે. નાણા મંત્રી અરુણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરશે. આ પહેલા ૨૭મી ફેબ્રુઆરીએ આર્થિક સર્વે રજૂ કરાશે. જ્યારે ૨૬મી ફેબ્રુઆરીએ રેલવે બજેટ રજૂ કરાશે. તેમના સંબોધન માટે રાષ્ટ્રપતિને આભાર દરખાસ્ત પર ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીએ ચર્ચા થશે.

૨૧ ખ્રિસ્તીની હત્યા બાદ બીજુ કમકમાટીભર્યું કૃત્ય

આઇએસ ત્રાસવાદીઓએ ૪૫ લોકોને સળગાવી દીધા

બગદાદ,તા. ૧૮

આઈએસના ત્રાસવાદીઓનો આતંક હવે દિન પ્રતિદિન વધી રહ્યો છે. લિબિયાના દરિયાકિનારે ૨૧ કોપ્ટિક ખ્રિસ્તી લોકોની ગળુ કાપીને ઘાતકી હત્યા કર્યા બાદ હવે અન્ય એક મોટુ કમકમાટીપૂર્વકનુ કૃત્ય કર્યું છે. જેથી વિશ્વ હચમચી ઉઠ્યું છે. આઈએસના ત્રાસવાદીઓએ હવે પશ્ચિમી ઈરાકના શહેર અલ બગડાડીમાં ૪૫ લોકોને જીવતા સળગાવી દીધા છે. સ્થાનિક પોલીસે માહિતી આપતા કહ્યું છે કે આઈએસના ત્રાસવાદીઓએ ૪૫ લોકોને જીવતા સળગાવી દીધા છે. જો કે પોલીસે સત્તાવાર રીતે કોઇ માહિતી આપી નથી. આ અગાઉ પણ આઈએસના ત્રાસવાદીઓએ અમાનવતાની તમામ હદ પાર કરીને કેટલાક લોકોને જીવતા સળગાવી દીધા હતા. જોર્ડનના એર ફોર્સના પાઈલોટને જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો. ગયા સપ્તાહમાં જ આઈએસ દ્વારા પશ્ચિમી ઈરાક વિસ્તારમાં આ વિસ્તાર પર કબજો કર્યો હતો. અમેરિકી મરીન જ્યાં

ઈરાકી સૈનિકોને તાલીમ આપી રહ્યા છે તે બાજુ હવે ત્રાસવાદીઓ વધી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સિરિયા અને ઈરાકમાં એક તૃતિયાંશ કરતા પણ વધારે વિસ્તારમાં પ્રભુત્વ ધરાવનાર આઈએસના ત્રાસવાદીઓએ હાલમાં ૨૧ કોપ્ટિક ખ્રિસ્તી લોકોના માથા ધડથી અલગ કરી દીધા છે. આ અંગે વિડિયો જારી કરવામા વિશ્વભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. લિબિયામાં ત્રાસવાદીઓએ છેલ્લા કેટલાક સપ્તાહથી તેમને બાનમાં પકડી રાખ્યા હતા. સાથે સાથે ધમકી પણ આપવામાં આવી હતી. રવિવારે રાત્રે વિડિયો જારી કરવામાં આવતા વિશ્વના દેશોની ચિંતા વધી ગઇ હતી. વિડિયોમાં તમામ ખ્રિસ્તી લોકોને એક બીચ પર લઇ જવાતા દર્શાવવામા આવ્યા હતા અને ત્યારબાદ તેમને બેસાડી દીધા બાદ માથા ઉડાવી દેવામાં આવ્યા હતા. વિડિયો શુટ કરનાર શખ્સે આઈએસ ત્રિપોલી સંબંધિત હોવાનો દાવો કર્યો હતો. આઈએસ દ્વારા તાજેતરના સમયમાં અનેક કમકમાટીભર્યા બનાવોને અંજામ આપ્યા છે. થોડાક સમય પહેલા એક પાઈલોટને જીવતો સળગાવી દેવામાં આવ્યા બાદ વિડિયો જારી કરાતા ચકચાર મચી ગઇ હતી.વિશ્વના દેશોએ હજુ સુધી આ બનાવ અંગે પ્રતિક્રિયા આપી નથી. અમેરિકા સામે બદલાની કાર્યવાહી કરવામાં કોપ્ટિક ખ્રિસ્તી લોકોની હત્યા કરાયા બાદ લિબિયામાં ઈસ્લામિક સ્ટેટના અડ્ડા પર ભીષણ હુમલા કરવામાં આવ્યા હતા.ત્રાસવાદીઓ દિન પ્રતિદિન તેમની તાકાત વધારી રહ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આઈએસ સામે હવે વધુ કઠોર કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના દેખાઈ રહી છે.

સમાચાર ઝલક

- કેન્દ્રએ ધોલેરા સર પ્રોજેક્ટ માટે રૂ. ૨૪૮૬ કરોડ મંજુર કર્યા.
- અરવલ્લી જિલ્લામાં 'પોળો ઉત્સવ' દર વર્ષે દિવાળી ટાણે ગુજરાત સરકાર ઉજવશે.
- ગુજરાત યુનિ.ના ઉપકુલપતિ સ્વાઈન ફ્લ્યુની સારવાર હેઠળ.
- ગુજરાતમાં સરકારી હોસ્પિટલોમાં ડાયાબીટીસની ચકાસણી વિના મૂલ્યે થશે.
- રાજયની બારમાસી નદીઓમાં વાહન વ્યવહાર શરુ કરાશે.
- ટંકારામાં આર્યસમાજના સ્થાપક શ્રી દયાનંદ સરસ્વતીની જન્મજયંતિ ઉજવાઈ.
- શિવરાત્રીના પર્વ નિમિત્તે સોમનાથ મહાદેવમાં ૨૧ કરોડ 'ઓમ નમઃ શિવાય.'
- સરકારી કર્મચારીઓનું સસ્પેન્શનના ૯૦ દિવસમાં આરોપનામું રજુ કરવું પડશે.
- ટીવી પત્રકાર બરખા દત્ત એ એનડીટીવી છોડયું.
- દેશની તમામ બેંકો કરતાં પોસ્ટખાતાનું ટર્ન ઓવર આજે પણ વધુ છે.
- વિઝાની પ્રક્રિયા ઝડપી બનતાં વિદેશમાં જનારની સંખ્યામાં ૪૨૧ ટકાનો વધારો.
- મુંબઈમાં હોટલો-કફે-દવાઓ-મલ-મિલ્ક સેન્ટરો ૨૪ કલાક ખુલ્લા રહેશે.